રાજ્યની જેલોના રક્ષક વર્ગ-૩ સંવર્ગના કર્મચારીઓને રાજ્ય પોલીસ ખાતાના વર્ગ-૩ સંવર્ગનું પગારધોરણ આપવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ

ક્રમાંકઃજલમ-૫૦૨૦૧૧-૩૩૬૬-જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૦૫/૦૭/૨૦૧૪

વંચાણે લીધાઃ
૧. ગૃહ વિભાગના તા.૦૭/૦૮/૧૯૮૭ના ઠરાવ ક્રમાંકઃમહક/૧૦૮૭/૨૩૬૨/સ
૨. નાણાં વિભાગના તા.૦૮/૦૮/૨૦૧૩ના પરીપત્ર ક્રમાંકઃપગર-૧૦૨૦૧૩-૮૫-પ.એ.

**આમુખઃ**

ગુજરાત રાજ્યના જેલ ખાતાના કર્મચારી/અધિકારીઓને સને ૧૯૬૭થી પોલીસ ખાતાના કર્મચારી/અધિકારીઓના પગાર સ્કેલ મુજબ કેડર ટુ કેડર એટલે કે સ્કેલ ટુ સ્કેલ મુજબનો સરખો પગાર આપવામાં આવતો હતો. પરંતુ સને ૧૯૮૬થી ચોથા પગારપંચ બાદ પોલીસ ખાતાના કર્મચારીઓ તરફથી સરકારશ્રીમાં રજૂઆતો થતા પોલીસ ખાતાના પોલીસ કોન્સ્ટેબલથી પોલીસ ઇન્સ્પેકટર સુધીની કેડરના પગાર ધોરણોમાં સંદર્ભમાં દર્શાવેલ ક્રમાંકઃ(૧) પરના ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંકઃમહક/૧૦૮૭/૨૩૬૨/સ, તા.૭/૮/૧૯૮૭થી પોલીસ ખાતાના પોલીસ ઇન્સ્પેક્ટર તથા તેની નીચેની કક્ષાના કર્મચારી/અધિકારીઓને દિલ્હી પોલીસના પગારધોરણ મુજબનો સુધારો તત્સમયે કરી આપવામાં આવેલ, પરંતુ જેલ ખાતાના સદર સંવર્ગના કર્મચારીઓના પગારમાં તે મુજબનો સુધારો કરી આપવામાં આવેલ ન હતો. આમ, આ  વિસંગતતા ચોથા, પાંચમા તથા છઠ્ઠા પગારપંચમાં પણ ચાલુ રહેલ. સને ૧૯૬૭થી છઠ્ઠા પગાર પંચ સુધીની પોલીસ ખાતા તથા જેલ ખાતાના કર્મચારી/અધિકારીના પગારની વિગત નીચે મુજબ છે.

| પોલીસ તથા જેલ ખાતાની કેડર | સરેલા પંચ ૧૯૬૭ | દેસાઇ પંચ ૧૯૭૩ | ચોથુ પગારપંચ ૧૯૮૬ | પાંચમુ પગારપંચ ૧૯૯૬ | છઠ્ઠુ પગારપંચ ૨૦૦૬ | |
|---|---|---|---|---|---|---|
| | | | | | પે બેન્ડ | ગ્રેડ પે |
| પોલીસ કોન્સ્ટેબલ | ૧૦૦-૧૩૦ | ૨૦૦-૨૬૦ | ૮૨૫-૧૨૦૦ | ૨૭૫૦-૪૪૦૦ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૮૦૦ |
| **જેલ સિપાઇ** | **૧૦૦-૧૩૦** | **૨૦૦-૨૬૦** | **૮૦૦-૧૧૫૦** | **૨૬૫૦-૪૦૦૦** | **૪૪૪૦-૭૪૪૦** | **૧૬૫૦** |
| પોલીસ હેડ કોન્સ્ટેબલ | ૧૨૫-૧૬૦ | ૨૬૦-૩૫૦ | ૯૭૫-૧૬૬૦ | ૩૨૦૦-૪૯૦૦ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ |
| **જેલ હવાલદાર** | **૧૨૫-૧૬૦** | **૨૬૦-૩૫૦** | **૯૫૦-૧૪૦૦** | **૩૦૫૦-૪૫૯૦** | **૫૨૦૦-૨૦૨૦૦** | **૧૯૦૦** |
| એ.એસ.આઇ. | ૧૫૦-૧૭૫ | ૩૩૦-૪૮૦ | ૧૩૨૦-૨૦૪૦ | ૪૦૦૦-૬૦૦૦ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |
| **જેલ સુબેદાર** | **૧૫૦-૧૭૫** | **૩૩૦-૪૮૦** | **૧૨૦૦-૧૮૦૦** | **૪૦૦૦-૬૦૦૦** | **૫૨૦૦-૨૦૨૦૦** | **૨૪૦૦** |
| પોલીસ સબ ઇન્સ્પેકટર | ૨૦૦-૪૩૦ | ૪૨૫-૭૦૦ | ૧૬૪૦-૨૯૦૦ | ૫૫૦૦-૯૦૦૦ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ |
| **જેલર ગ્રુપ-૨** | **૨૦૦-૪૩૦** | **૪૨૫-૭૦૦** | **૧૪૦૦-૨૭૦૦** | **૪૫૦૦-૭૦૦૦** | **૫૨૦૦-૨૦૨૦૦** | **૨૮૦૦** |

ઉપર જણાવ્યા મુજબ પોલીસ ખાતાના વર્ગ-૩ સંવર્ગની સાપેક્ષતામાં જેલ ખાતાના રક્ષક વર્ગ-૩ સંવર્ગના અધિકારી/કર્મચારીઓના પગારધોરણમાં ચોથા પગારપંચથી ઉભી થયેલ અને પ્રવર્તમાન છઠ્ઠા પગારપંચ સુધી ચાલી આવેલ પગાર વિસંગતતાના પેચીદા પ્રશ્નનું નિરાકરણ લાવવાની બાબત સક્રિય રીતે સરકારશ્રીની વિચારણામાં હતી.

**ઠરાવ:**

પ્રસ્તુત બાબતમાં કાળજીપૂર્વકની વિચારણા કર્યા બાદ છઠ્ઠા પગારપંચ મુજબ હવેથી રાજ્યની જેલ ખાતાના રક્ષક વર્ગ-૩ સંવર્ગના નીચે દર્શાવેલ કક્ષાનું સંવર્ગવાર નીચે કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે દરેક કક્ષાની જગ્યાની સામે દર્શાવેલ સુધારેલ પગારધોરણ તા.૦૧/૦૧/૨૦૧૪થી અમલમાં આવે તે મુજબ ઠરાવવામાં આવે છે.

| સંવર્ગ | છઠ્ઠુ પગારપંચ ૨૦૦૬ | |
|---|---|---|
| | પે બેન્ડ | ગ્રેડ પે |
| જેલ સિપાઇ | ૫૨૦૦-૨૦૨૦૦ | ૧૮૦૦ |
| જેલ હવાલદાર | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૦૦૦ |
| જેલ સુબેદાર | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |
| જેલર ગ્રુપ-૨ | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૪૦૦ |

(૧) જેલ ખાતાના રક્ષક વર્ગ-૩ સંવર્ગના હાલના પગારધોરણમાં છઠ્ઠા પગારપંચ મુજબના પગારધોરણ મુજબ કરવામાં આવેલ સુધારાની અસર તા.૦૧/૦૧/૨૦૧૪થી અમલી કરવામાં આવે છે. તે પહેલાંના સમયગાળાનો કોઇ હક્કદાવો કરવાનો રહેશે નહીં.

(૨) આ અંગે રીવીઝન ઓફ પે રુલ્સમાં જરૂરી સુધારો કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ "૨૦૫૬-જેલ" સદર હેઠળ જે તે પેટા સદરો હેઠળ ઉધારવાનો રહેશે અને તેમાં મંજૂર થયેલ અનુદાનોમાંથી મેળવવાનો રહેશે.

(૪) આ ઠરાવ ગૃહ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલમાં નાણાં વિભાગની તા.૨૧/૧૨/૨૦૧૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(દિલીપ જી. સોની)**
**નાયબ સચિવ**
**ગૃહ વિભાગ**

**પ્રતિ,**

- પરમ સન્માનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર **(પત્ર દ્વારા)**
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાણાં મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- આચાર્યશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ **(જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફત)**
- સર્વે જેલ અધિક્ષકશ્રીઓ **(જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફત)**
- ગૃહ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- ગૃહ વિભાગની સર્વે શાખાઓ
- સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- શાખા સિલેકટ ફાઇલ